# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1) ખેડૂતોને "સનેડો" કૃષિ સાધનની ખરીદી માટે મળતી સહાયમાં વધારો કરવા રાજ્ય સરકારનો નિર્ણય.
2) "એક રાષ્ટ્ર એક ચૂંટણી" મામલે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિની બેઠકમાં બધી ચૂંટણીઓ એક સાથે થાય એવો સૌનો મત.
3) મોરબીમાં દોઢ મહિનામાં 670 જેટલા સિરામિક ઉદ્યોગ ફરી કાર્યરત્.
4) આતંકવાદી સંગઠનોને નાણાકીય સહાય કરવા સંબંધિત 226 કરોડ રૂપિયાથી વધુનું ક્રિપ્ટો નેટવર્ક પકડાયું – ગાંધીનગર સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્રની કાર્યવાહી.
5) રાજ્યમાં આગામી 24 કલાક બાદ ગરમીમાંથી રાહત મળવાની સંભાવના.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVT DECISION SANEDO

રાજ્યના ખેડૂતોને "સનેડો" તરીકે કૃષિ સાધનની ખરીદી માટેની સહાય વધારીને 60 હજાર રૂપિયા કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, ખેડૂતોની રજૂઆતને ધ્યાને રાખી કિસાન પરિવહન યોજના હેઠળ 25 હજાર રૂપિયાની સહાયમાં વધારો કરીને રકમને 60 હજાર રૂપિયા કરવામાં આવી છે. જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, નાના, સીમાંત તેમજ મહિલા ખેડૂતોને હવે 75 હજાર રૂપિયાની સહાય મળશે.

શ્રી વાઘાણીએ વધુમાં કહ્યું, સૌરાષ્ટ્ર વિસ્તારમાં નાના અને મધ્યમ ખેડૂતો દ્વારા ખેતીના વિવિધ બહુહેતુક કામો માટે "સનેડો" નામના ત્રિ-ચક્રી કૃષિવાહનોનો વ્યાપક ઉપયોગ કરાય છે.

# JPC UPDATE

"એક રાષ્ટ્ર એક ચૂંટણી" મામલે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના સભ્યો આજથી ત્રણ દિવસ રાજ્યની મુલાકાતે છે. પી. પી. ચૌધરીના વડપણ હેઠળની JPCના સભ્યોએ આજે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ક્લબ ખાતે રાજ્યના મુખ્યસચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી.

ગાંધીનગરમાં સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં JPCના અધ્યક્ષ પી. પી. ચૌધરીએ કહ્યું, સમિતિ ગુજરાતના હિસ્સેદારોને સાંભળવા આવી છે. આજની બેઠકમાં લોકસભા અને વિધાનસભા બધી ચૂંટણીઓ એક સાથે થાય એવો મત તમામ લોકોએ વ્યક્ત કર્યો. "એક રાષ્ટ્ર એક ચૂંટણી"ના કારણે દેશના સાત લાખ કરોડ રૂપિયા બચશે.

(BYTE : P P CHAUDHARY)

આ સમિતિ આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિવિધ રાજકીય પક્ષના આગેવાનો અને ટોચના અધિકારીઓ સાથે બેઠક કરી તેમના અભિપ્રાય મેળવશે.

આ પહેલાં બપોરે અંગે JPCના સભ્ય ઘનશ્યામ તિવારીએ વધુ માહિતી આપી.

(BYTE: GHANSHYAM TIWARI, MEMBER, JPC)

ઉલ્લેખનીય છે કે, JPCમાં અધ્યક્ષ સિવાય લોકસભાના 27 અને રાજ્યસભાના 12 સાંસદ એમ કુલ 39 સભ્યો છે.

# SCIENCE CITY JITENDRA SINGH

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંઘે કહ્યું, વિકસિત ભારતના નિર્માણમાં દેશના નાના શોધકનું યોગદાન ઘણું મહત્વનું સાબિત થશે. અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે મૂળભૂત નવિનતા માટેના માર્ગ પરની રાષ્ટ્રીય કાર્યશાળાના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી સિંઘે કહ્યું, જ્યારે આપણે ઘરો સુધી મર્યાદિત પાયાના સંશોધનોને આધુનિક ટેકનોલૉજી અને ઉદ્યોગો સાથે જોડીશું, ત્યારે સ્થાનિક સંશોધનો દેશના વિકાસ માટે એક સબળ ચાલકબળ સાબિત થશે.

(BYTE: DR. JITENDRA SINGH, UNION SCIENCE AND TECHNOLOGY MINISTER)

આ પ્રસંગે રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા દરેક નાગરિક અને યુવાન કૌશલ્યવાન બને તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિજ્ઞાન અને ટેક્નોલૉજી પરિષદ – ગુજકોસ્ટ અને રાષ્ટ્રીય સંશોધન સંસ્થા – N.I.F. દ્વારા યોજાયેલી બે દિવસની કાર્યશાળાનો મુખ્ય હેતુ દેશના અંતરિયાળ વિસ્તારોમાં રહેલા સંશોધકો અને તેમની ક્ષમતાઓને મજબૂત રાષ્ટ્રીય વિકાસ સાથે જોડવાનો છે.

# GNR BRICS MEETING

ગાંધીનગરમાં આજથી બે દિવસ બ્રિક્સ દેશ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના કાયદા અને ન્યાય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની બેઠકનો પ્રારંભ થયો. તેનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકો અને વેપારીઓને અદાલતની લાંબી અને ખર્ચાળ પ્રક્રિયામાંથી બચાવીને ઝડપી ન્યાય અપાવવાનો છે.

બેઠકમાં વિવાદોને અદાલતની બહાર જ મધ્યસ્થી અને સમાધાન દ્વારા ઉકેલવા પર ભાર અપાશે. ઉપરાંત ડિજિટલ ટેક્નોલૉજી અને ઑનલાઈન મંચનો ઉપયોગ કરીને આંતર-રાષ્ટ્રીય વેપારી વિવાદોના ઝડપી નિરાકરણ અંગે પણ બેઠકમાં ચર્ચા કરાશે.

# GUJ ENERGY LIMITED

મોરબીમાં અત્યાર સુધીમાં 670 જેટલા સિરામિક ઉદ્યોગો પુનઃ કાર્યરત્ થયા. ગુજરાત એનર્જી લિમિટેડ – G.E.L. ની સફળ વ્યૂહરચના થકી ગત દોઢ મહિનામાં કાર્યરત્ એકમોની સંખ્યા 83થી વધીને 670 થઈ. તેનાથી ઉત્પાદકોમાં વિશ્વાસ વધ્યો અને ઉત્પાદનના પુનરુત્થાનને વેગ મળ્યો હોવાનું ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. તેમણે કહ્યું, પહેલી માર્ચ 2026થી અત્યાર સુધીમાં કંપનીએ આશરે 40 હજાર રહેણાક હેતુ માટેના પાઇપ્ડ નેચરલ ગેસ - D-PNG જોડાણ આપ્યા અને ઉપરાંત આશરે 13 હજાર પુનઃજોડાણ પણ અપાયા છે.

ઉર્જામંત્રીએ વધુમાં કહ્યું, તાજેતરની ભૂ-રાજકીય કટોકટી દરમિયાન કંપનીએ, અવિરત્ પૂરવઠો જાળવવા મધ્ય-પૂર્વ સિવાયના બજારોમાંથી કુદરતી ગેસની ખરીદી કરી. કટોકટીના કારણે કાચા માલ અને પરિવહન ખર્ચમાં થયેલા વધારા, ઔદ્યોગિક પ્રોપેનના ઉપયોગ પર નિયંત્રણોના કારણે મોરબીમાં ઘણા સિરામિક એકમોએ માર્ચના બીજા પખવાડિયાથી તેમની કામગીરી સ્વેચ્છાએ સ્થગિત કરી દીધી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CENTER OF EXCELLENCE

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આગામી દિવસોમાં રાજ્યના વધુ યુવા ખેલાડીઓ ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવીને દેશ અને ગુજરાતનું ગૌરવ વધારશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. અમદાવાદમાં એક રમતગમત અકાદમીના પ્રારંભ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ મહિલા ક્રિકેટને પ્રોત્સાહન આપવા બદલ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ – BCCIના સચિવ જય શાહનો આભાર માન્યો.

આ પ્રસંગે ઉપસ્થિત ભૂતપૂર્વ ક્રિકેટર ભારતરત્ન સચિન તેંડુલકરે જીવન અને રમતમાં મૂલ્યો પર ભાર આપવા જણાવ્યું. તેમણે કહ્યું, સફળતાનો કોઈ શોર્ટકટ એટલે ટૂંકો રસ્તો નથી હોતો. ધીરજ અને ખંત સાથે જ સફળતાનો માર્ગ સરળ બને છે.

# CS SELF ENUMERATION

રાજ્યભરમાં વસતિ ગણતરીના પહેલા તબક્કાના ભાગરૂપે હાલ સ્વગણતરી અભિયાન ચાલી રહ્યું છે. લોકો સત્તાવાર વેબપોર્ટલ SE.CENSUS.GOV.IN પર જાતે જ તેમની વિગતો ભરી રહ્યાં છે. આ પોર્ટલ પર વિગતો જાતે ભરીને રાજ્યના મુખ્યસચિવ એમ. કે. દાસ પણ સ્વગણતરી અભિયાનમાં સહભાગી થયા. તેમણે સરકારી અધિકારી અને કર્મચારીઓને આ અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

(BYTE: M. K. DAS, CHIEF SECRETARY)

# TERROR FUNDING GROUP EXPOSED

ગાંધીનગરના સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય કેફી પદાર્થ સંગઠન અને ડાર્કવૅબ સાથે જોડાયેલા 226 કરોડ રૂપિયાથી વધુના ક્રિપ્ટો નેટવર્કનો પર્દાફાશ કરાયો. સાથે જ નવ આરોપીની પણ ધરપકડ કરવામાં આવી. આતંકવાદી સંગઠનોને નાણાકીય મદદ કરવા મામલે અત્યાર સુધીની આ સૌથી મોટી કાર્યવાહી હોવાનું ગાંધીનગર સાયબર સેન્ટર ઑફ એક્સલેન્સના SP રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું. તેમણે કહ્યું, આરોપીઓના વૉલેટ અને ખાતાની તપાસમાં આતંકવાદી સંગઠનોને સહાય માટે મોનેરો કરન્સીનો ઉપયોગ થતો હોવાનું પણ ખૂલ્યું છે.

(BYTE: RAJDEEPSINH JHALA, SP, CYBER CENTRE OF EXCELLENCE)

# STATE WEATHER

રાજ્યમાં આગામી 24 કલાક બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાય તેવી સંભાવના હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

# DGP UK DELEGATION

રાજ્ય પોલીસ વડા ડૉક્ટર કે. એલ. એન રાવની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યુનાઈટેડ કિંગ્ડમના બ્રિટિશ હાઈકમિશન અને નવી દિલ્હીના ઉચ્ચસ્તરના પ્રતિનિધિમંડળની બેઠક યોજાઈ. તેમાં કેફી પદાર્થ નિયંત્રણ, સાયબર ગુના નિવારણ અને ટેક્નિકલ સહકાર તેમજ સોશિયલ નેટવર્કિંગના પાયારૂપ માળખા અંગે ચર્ચા કરવામાં આવી.

# BOTAD POLICE PAHEL

બોટાદ પોલીસે ઈંધણના બિનજરૂરી ઉપયોગને રોકવા વિશેષ પહેલ કરી. જિલ્લા પોલીસ દ્વારા શરૂ કરાયેલા વિશેષ હેલ્પલાઈન નંબર 02849-271504 પર લોકો સમસ્યાની રજૂઆત કરી શકશે. જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ નાગરિકોને ફરિયાદ, અરજીઓ કે રજૂઆતો માટે પોલીસ કચેરી સુધી ન આવવું પડે તે માટે ટેલિફોન સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# LOCAL BODIES GUJ

રાજ્યભરમાં નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની નિયુક્તિની પ્રક્રિયા શરૂ થઈ. ત્યારે ભરૂચમાં જંબુસર, આમોદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી. જ્યારે નવસારીની ગણદેવી અને બોટાદ નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રુમખ તથા કારોબારી અધ્યક્ષની વરણી કરવામાં આવી છે. તો મહેસાણાની ઊંઝા નગરપાલિકાના નવા  પ્રમુખ ક્રિમા પટેલની વરણી થઈ.

બનાસકાંઠામાં –પાલનપુર, ડીસા અને ધાનેરા તથા મોરબી જીલ્લાની માળિયા, ટંકારા અને વાંકાનેર નગરપાલિકામાં પ્રમુખ, અને ઉપપ્રમુખની પસંદગી કરવામાં આવી. છોટાઉદેપુરની નવનિર્મિત બોડેલી નગરપાલિકાના સૌપ્રથમ પ્રમુખ તરીકે ઉમેશભાઈ રાઠવા તથા ઉપ- પ્રમુખ તરીકે પન્નાબેન પટેલની બિનહરિફ વરણી કરવામાં આવી.

ગાંધીનગરની દહેગામ નગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના અધ્યક્ષની પસંદગી કરવામાં આવી.